સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

વશ થતા ન કોઈને મૂલ્યો ના માલિક હોય છે,
વેંચતા નથી ઈનામ, આત્માના માલિક હોય છે.
માલિક હોય છે મરજીના 'વીર સત્ય-પાલ-કો' -
મળે ઊંચું પદ છતાં સત્યના માલિક હોય છે.

હાઈકુ

સત્ય ના ભૂખ્યા,
લગ્ને લગ્ને કુંવારા -
ને ઘરેઘણાં...
(ભાજપનો કાશ્મીરી મિજાજ)

સમજે સૌ ને
કાવાદાવા ખેલનાં -
કઠપૂતળાં ?!
(સત્યપાલ મળ્યા માથાનાં)

ચિંતન

કુંજર મુખસે કન ગિરો, ખુટો ન તાસુ આહાર,
કીડી કન લેકર ચલી, પોષણ નિજ પરિવાર.

ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

હાથી મહાકાય પ્રાણી છે. તેના શરીર પ્રમાણે તેનો ખોરાક ખૂબ હોય, તે માટે તેને દાણા પણ ઘણા જોઈએ. હાથી જયારે ખાતો હોય ત્યારે ઘણા બધા દાણા આજુબાજુ વેરાય છે. એ વેરાયેલા દાણામાંથી કીડી એક દાણો પોતાના દરમાં લઈ ગઈ. હાથીએ તો આમાં કશું ઓછું ન પડ્યું પણ કીડીના તો આખા પરિવારનું પોષણ આ એક દાણામાંથી થઈ ગયું.

આમ હાથી અને કીડીના દૃષ્ટાંત પરથી કબીર મનુષ્યને શીખ આપતા કહે છે કે આ સંસારમાં મોટા માણસોના મોટા ખર્ચા હોય. તેમાંથી તેઓ જો થોડું બચાવે તો કં તેઓ ભૂખ્યા ન રહે, મતલબ કે તેમને કંઈ કમી ન પડે પણ અનેક ભૂખ્યા અને ગરીબ લોકોનું કામ થઈ જાય, તેમના પરિવારનું પોષણ થાય. આમ થોડી બચત કરીએ તો કેટલા ગરીબોનાં આશીર્વાદ મળી શકે છે.

સુવિચાર

- જીવન મેં સમસ્યાએં તો હર દિન નઈ ખડી હૈ, જીત જાતે હૈં વોહી જીનકી સોચ બડી હૈ - **હર્ષ બ્રહ્મભટ્ટ**
- શંકર થઈ... સૌને ફરવું છે, વિષ જેવું કયાં કોઈને ગળવું છે - **ગીતેશ મહેતા**
- આત્મવિશ્વાસ, મનોબળ, અને સંકલ્પના આ ત્રણ તીર જેના ભાથામાં હોય એ માણસ અઘરામાં અઘરું નિશાન વીંધી શકે છે - **અમૃતબિંદુ**
- માનવી બહુ સ્વાર્થી છે... પસંદ કરે તો અવગુણ જોતો નથી અને નફરત કરે તો ગુણ જોતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- વધતી જતી સમજણ જીવનને મૌન તરફ લઈ જાય છે ? - **બી.કે. શિવાની**
- કોઈના સદ્‌ગુણ લૂંટતા શીખી જાઓ તો વાલિયામાંથી વાલ્મિકી થવું અઘરું નથી - **ભીખુદાન ગઢવી**
- આજનું ઔષધ : ગર્ભાવસ્થા દરમિયાન પેટ પર રહી જતા ડાઘા - નિશાન પર વિટામીન ઈ-તેલનું માલીશ કરવાથી ડાઘા દૂર થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

અમાસની મધરાતે ધુમ્મસથી ભરેલો વાતાવરણમાં દરિયામાં ચાલતા જહાજના કપ્તાનને એમ લાગ્યું કે સામે બીજું કોઈ જહાજ આવી રહ્યું છે અને એનો પ્રકાશ ધીરે ધીરે નજીક આવી રહ્યો છે. તેણે તરત સામેના જહાજને રેડિયો સંદેશો આપતા કહ્યું, તમે તમારું જહાજ જમણી તરફ વાળો નહીંતર અકસ્માત થશે.' સામેથી જવાબ મળ્યો, 'અમે સહેજ પણ હાલી ચાલી શકીએ તેમ નથી, માટે તમારે જ તમારું જહાજ બીજી દિશામાં વાળવું પડશે. જલ્દી માર્ગ બદલો નહીંતર તમારું જહાજ ભાંગીને ભૂક્કો થઈ જશે.' કપ્તાને કહ્યું, 'અમારું જહાજ પોલાદી મજબૂતી ધરાવે છે. જો તમારી સાથે અથડાશે તો તમારા ભૂક્કા બોલી જશે. માટે સમજી વિચારીને બાજુએ હટી જાઓ... અને હા તમે કોણ છો ?' તે પણ જણાવશો.' સામેથી જવાબ આવ્યો, 'અરે હું તો ખડક પરની દીવાદંડીનો ચોકીદાર છું તમને છેલ્લીવાર સંદેશો આપું છું. કે તમારું જહાજ તરત વાળો નહીંતર કોઈ જીવતું નહીં બચે.' હમણા અદાલતે તાકિદ કરી અને અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર અને પોલીસ વડાએ સાફસુફી અને ટ્રાફિકના નિયમોનું કડક પાલન કરાવવાનું શરુ કર્યું તો શહેરની સકલ ફરી ગઈ. પ્રજાને સમજાવવા માટે દંડ અને સજાની ભાષા રામબાણ ઉપાય સાબિત થઈ.

કિસાનોના પ્રશ્નને અવગણી શકાય તેમ નથી

તંત્રીસ્થાનેથી...

રામમંદિરનો મુદ્દો જાણે એક તરફ થઈ ગયો ને હવે કિસાનોનો મુદ્દો દેશ સામે આવીને ઊભો રહી ગયો છે. અલબત્ત, હજુ રાજકારણીઓને કે સત્તા પક્ષને એમ લાગે છે કે આ મુદ્દો બહુ મોટો નથી, પરંતુ પરિસ્થિતિ જોતાં એમ લાગે છે કે કિસાનો હવે હાર માનવાના મૂડમાંય નથી.

કિસાનો જ શું કામ ? તંત્ર સામે વાંધો હોય એ તમામ પક્ષો ચૂંટણીની રાહ જોઈને બેઠા હોય છે. આપણે ત્યાં લગ્ન જેવા પ્રસંગોમાં જેમ કોઈ ને કોઈ સગા રિસાઈને બેઠા હોય છે એવો જ ઘાટ ચૂંટણી ટાણે દેશમાં થાય છે. જેમને વાંકુ પડ્યું હોય એ ચૂંટણી ટાણે જ પોતાનો રોષ વ્યક્ત કરે છે. જો કે એય હકીકત છે કે આપણે ત્યાં એકવાર મત માગવા આવે પછી ઉમેદવારો મતદારોની તકલીફ પૂછવા પાંચ વર્ષ સુધી ક્યાં આવે જ છે ? પાંચ વર્ષે જેવી ચૂંટણી આવે કે એમનો મતદારો પ્રત્યેનો પ્રેમ ઉભરાઈ જાય છે ને પછી તો ભાઈ-ભાઈ કહીને ગળે મળવા સુધી કે પગમાં બેસવા સુધીય રાજકારણીઓ તૈયાર થઈ જાય છે.

રાજકારણ જો એમ માનતું હોય કે કિસાનોનો અવાજ એ આવો પ્રસંગોપાત અવાજ છે તો એ લોકો આ વખતે ખોટા ઠરી શકે એમ છે. કારણ કે કિસાનોનું આ દર્દ દેખાય છે એના કરતાં ઘણું મોટું છે અને એમના ઘા પણ દેખાય છે એના કરતાં ઘણા ઊંડા છે.

વરસાદ આધારિત કૃષિનાં માઠાં પરિણામોથી કે મૂડીવાદીઓ દ્વારા કિસાનોને કરાતા નુકસાનથી આપણે ત્યાં કોઈ અપરિચિત નથી. દુનિયાનું પેટ ભરતા કિસાનોનાં બાળકો જ ભૂકે મરતાં હોય એવાં દૃશ્યો આપણે ત્યાં નવાં નથી. અનેક કિસાનો પાસે ખેતીની જમીન છે તો ખેતી કરવાનાં નાણાં નથી, જેની પાસે થોડા નાણાં છે તેઓ ગળા સુધી દેવામાં ડૂબેલા છે. આ ઉપરાંત ખાતરથી માંડીને ઉત્પાદન પાકે તોય એના કેવા ભાવ મળશે અને ક્યાં એને વેચી શકાશે એ બધી જ બાબતોમાં દેશના કિસાનો હજુય ૫૦ વર્ષ જૂની હાલતમાં જ જીવે છે એ વરવી વાસ્તવિકતા છે.

વીતેલાં વર્ષોમાં અનેક કિસાનોએ માથે ચડી ગયેલાં દેવાંથી કંટાળી-હારીને આત્મહત્યા કરી હોવાની હકીકત પણ સામે છે અને કિસાનોની દયનીય સ્થિતિથી પણ કોઈ અજાણ નથી. આવા સમયે કિસાનો દ્વારા ઉઠાવવામાં આવેલો અવાજ એ ન માત્ર સમયસરનો અવાજ છે, પરંતુ આવનાર જંગનો દુંદુભિનાદ પણ છે.

સત્તા પક્ષે આ અવાજનો રણકો પારખીને કિસાનોના પક્ષે કંઈક ઠોસ કાર્ય કરવાની હવે જરૂર છે. નહીંતર પ્રસંગોપાત ઉશ્કેરાટ માનીને કિસાનોના આ રોષને અવગણવો સત્તા પક્ષ માટે ભારે પડી શકે તેમ છે.

સુબહ કા ભૂલા અગર શામ કો ઘર આ જાયે તો

સુબહ કા ભૂલા અગર શામ કો ઘર આ જાયે તો ઉસે ભૂલા નહીં કહતે...
- હીરો નંબર-૧

આ સંવાદ ૧૯૯૭ની સુપરહીટ ફિલ્મ 'હીરો નં.૧' નો છે, ડેવિડ ધવન અને ગોવિંદાની જોડી બોલીવૂડ પર રાજ કરતી હતી. ઋષિકેશ મુખર્જીની સદાબહાર ફિલ્મ 'બાવર્ચી'નું આધુનિક રૂપાંતરણ એટલે 'હીરો નં.૧'. રુમી જાફરી દ્વારા લખાયેલ આ ફિલ્મની કથાનો આ સંવાદ અઢળક ફિલ્મોમાં અગાઉ આવી ગયો છે, અને હજી ભવિષ્યમાં પણ સનાતન સત્ય રજૂ કરતો સંવાદ આપણને સાંભળવા મળવાનો જ છે. ફિલ્મમાં આ સંવાદ ગોવિંદા પરેશ રાવલની પૌત્રીને ગુંડાઓથી બચાવ્યા બાદ કહે છે. લગભગ દરેક ૧૦મી ફિલ્મમાં અને આપણી લોકબોલીમાં પણ આ પંક્તિ રૂઢિપ્રયોગ રૂપે છાશવારે આપણે પ્રયોગમાં લઈએ છીએ...

આ લોકપ્રિય સંવાદ 'કથાસરિત્સાગર'માં આશરે ઈ.સ. ૧૦૬૩ થી ૧૦૮૧ ની વચ્ચે સોમદેવ દ્વારા લખાયો છે. આ ગ્રંથ લંબકમાં વિભક્ત છે.

દિવસે માર્ગભ્રાન્તઃ સન્ધ્યાં યાદવ્ યદિ ગૃહમ્ ઉપૈતિ તદપિ તદપિ વરમ્ । ના અસૌ ભ્રાન્તૌ મન્યતે ।

- દિવસે માર્ગ ભૂલેલો વ્યક્તિ જે સાંજે ઘરે પાછો આવે તો તે પણ શ્રેષ્ઠ જ છે, તેને ભૂલેલો ન કહેવાય.

છે ને! ડિટ્ટો ડાયલોગ. કથાસરિત્સાગરના સાતમાં લંબકમાં 'સિકતા સેતુ' નામક કથામાં આ સંવાદ આવે છે.

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

પંડિત સોમદેવ દ્વારા કાશ્મીરના રાજા અનન્તની રાણી સૂર્યમતિના મનોવિનોદ માટે આ ગ્રંથ આજથી લગભગ હજાર વર્ષ પહેલા લખાયો છે.

કથાસરિત્સાગર 'અલિફ લૈલા'ની વાર્તાઓથી પણ અતિ પ્રાચીન ગ્રંથ છે, અને અલિફ લૈલા (અરબી વાર્તાગ્રંથ) ની અનેક વાર્તાઓનું મૂળ કથાસરિત્સાગરમાં મળી આવે છે.

પશ્ચિમી વિવેચક પેંજર કહે છે કે માત્ર ઈરાન અને તુર્કી લેખકો જ નહીં બાકેશિયો (ઈટલી) ચોસર (ઈંગ્લેન્ડ) થતા લા ફાતેન (ફ્રાંસ) જેવા વિશ્વલેખકોને પણ કથાસરિત્સાગર દ્વારા જ પોતાની કલ્પના શક્તિને નીખારવાની તક સાંપડી છે. આપણે વાર્તાપ્રિય લોકો છીએ... કથા કહેનાર અને બનાવનાર બંને પાછળ આપણે ગાંડા થઈ જઈએ છીએ... કેમ બરોબર ને !

- jayuoza@gmail.com,
Mo. 9898046488

નટવર હેડાઉનાં સાત પુસ્તકોનું લોકાર્પણ

વૃત્તાસંચય

ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ અને જાણીતા કવિ, બાળસાહિત્યકાર અને કુદરતપ્રેમી 'વનવિહારી' નટવર હેડાઉના સાત પુસ્તકો (૧) હવે હું ચૂપ નહીં રહું (૨) બદારુર બાળકો (અનુવાદ) (૩) શબ્દ મંથન (૪) રાજુનો તરખાટ (૫) અરણ્યની આરપાર (૬) બાળસાહિત્ય સમીપે (૭) બહાદુર બાળકોની સાહસકથાઓનું તા. ૨૯-૧૧-૨૦૧૮ના રોજ, અમદાવાદ ખાતે ભરાયેલ પુસ્તકમેળામાં વિમોચન અને લોકાર્પણ થયું. એક સાથે સાથ પુસ્તકોનું લોકાર્પણ એ ગાંધીનગર તથા ગાંધીનગર સાહિત્ય સભા માટે એક ગૌરવપૂર્ણ બાબત લેખાય. વનવિહારીને અભિનંદન સહશુભકામનાઓ.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● અમદાવાદસ્થિત જાણીતા કવિ માધવ રામાનુજને, મહારાષ્ટ્ર રાજયની ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી ૨૦૧૮ના વર્ષ માટેનો 'કવિ નર્મદ પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યો. આ પૂર્વે તેઓશ્રીને ગુજરાત સરકાર દ્વારા 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર' પણ મળ્યો છે. તેઓને અભિનંદનસહ શુભેચ્છાઓ.

● હરિન્દ્ર દવે મેમોરિયલ ટ્રસ્ટ, મુંબઈ અને વિલેપાર્લે કેળવણી મંડળ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં પદ્મશ્રી સંગીતકાર પુરુષોત્તમ ઉપાધ્યાય, કવિ મહેલુ ઠાકર 'સુરેન' અને 'દમણગંગા ટાઈમ્સ'ના નિવાસી તંત્રી વિકાસ ઉપાધ્યાયને પૂ. મોરારિ બાપુના હસ્તે 'હરીન્દ્ર દવે મેમોરિયલ એવોર્ડ' અર્પણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન કવિ હિતેન આનંદપરાએ કર્યું હતું.

- muljibhaidadhi@gmail.com

ભજનિક સંતોની વાણી : આપણી ઉજળી ધરોહર

વાગે ભડાકા ભારી ભજનના
વાગે ભડાકા ભારી રે...
બાર બીજના ધણીને સમરું
નકળંક નેજાધારી રે...
ભજનના વાગે ભડાકા ભારી.

અજવાળી બીજની રાત્રિએ કચ્છ કાઠિયાવાડના કોઈ નાના ગામમાં મધ્યરાત્રિએ ભજનના આવા શબ્દો સંભળાય તો તેમાં કશું નવું કે અજાણ્યું નથી. દૈનિક જીવનનો થાક કે સંસારના નાના મોટા સંતાપને દૂર કરવા માટે પણ આવા ભજનભાવના પ્રયોગો ગામડાઓમાં થતાં રહે છે. મેઘાણીએ પણ આ બાબતનો ખાસ ઉલ્લેખ કરેલો છે. આવા ઉપક્રમોની સંખ્યા સાંપ્રત કાળમાં ચોક્કસ ઘટી હશે પરંતુ આ બાબત હજુ નામશેષ થઈ નથી. આવા ઉપક્રમના સ્વરૂપ કે પધ્ધતિમાં પણ ફેરફાર થયેલો જોવા મળે છે. સંતો અને ભક્તોએ આ પ્રથા વિકસાવી હતી. સમાજના દરેક વર્ગના લોકો પણ ભજન કે સતસંગમાં શ્રધ્ધાથી જોડાતા હતા. આજકાલ અનેક સ્થળોએ સુંદરકાંડના પાઠ યોજવામાં આવે છે. આ પરંપરાના મૂળમાં ભજનવાણી છે. સંતો – ભક્તો તથા ભજનીકોની શ્રધ્ધા અને ભક્તિના બળે આ પ્રથા વિકાસ પામી છે. લોક સમુહે ભજનવાણીની ગંગોત્રી ઝીલી છે અને વધાવી છે. આથીજ આ પ્રથા સ્વરૂપના નાના કે મોટા ફેરફાર સાથે જીવંત તથા ધબકતી રહી છે. કચ્છ – સૌરાષ્ટ્રના અનેક ગામોમાં નારાયણ સ્વામીની ભજનવાણીને ઉલ્લાસથી સાંભળતા વિશાળ લોક સમૂહને આપણે જોયો છે. ગાંધીનગરની એક સંસ્થા 'કલા ગુર્જરી' તરફથી અખંડ ભજન રાત્રિનો એક કાર્યક્રમ થોડા દિવસો પહેલાજ થયો હતો. નગરજનોએ પણ મોટી સંખ્યામાં સળંગ રાત બેસીને ભજનાનંદનો આસ્વાદ માણ્યો હતો તે નોંધપાત્ર છે. અખંડ ધણીની આરાધના માટેના આવા પર્વમાં ગવાતી અને હોંશભેર ઝીલાતી વાણીના શબ્દો અર્થપૂર્ણ હોય છે.

હાં રે જમી આસમાન બાવે
મૂળ વિના માંડીયા હો જી..
એ જી થંભ વિણ આભ ઠેરાયો રે..
અખંડ ઘણીને તમે ઓળખો !

મૂળ વિના પૃથ્વી – આકાશ તથા સમગ્ર સચરાચરની રચના કરનાર કોઈ અદ્રશ્ય હાથ – **Invisible hand** – તરફ અહીં નિર્દેશ છે. ભજન ગાવા કે ગણગણવામાંજ તેની મીઠાશ છે. સંગીતનો એક અલગ પ્રભાવ જીવંત સૃષ્ટિ અનુભવી શકે છે. માનવીના કેટલાક રોગમાં પણ હવે મ્યુઝીક થેરપીનો પ્રયોગ કરવામાં આવે છે. માનવીય ઉર્મિઓની અભિવ્યક્તિ માટે કુદરતે ગાવાની કે રડવાની જે શક્તિ આપી છે તે માનવીને કુદરત તરફથી મળેલી અમૂલ્ય ભેટ છે. વેદોની જેમ વેદવાણી છે તેમ સંતો અને ભક્તોની ભજનવાણી છે. ભજનવાણીમાં શુષ્ક વૈરાગ્યની વાતો નથી. જીવનના તડકા-છાંયાને અનુભવીને પ્રગટેલી આ અનુભૂતિની વાણી છે. આ વાણીના ઉદ્‌ગાતા સંતો કોઈ પંથ કે સંપ્રદાયના સાંકડા વાડામાં પૂરાયેલા નથી. નાત કે જાતનો તેમાં બાદ નથી. સમાજના તમામ વર્ગોએ ભજનવાણીને માણી છે. સંતોએ આ વાણીમાં જેમનો મહીમા ગાયો છે તેઓ પણ મોટા ભાગે કુદરતી તત્વોનો છે. વિશાળ ધરતી અને ઉદાર ચરિત સાધુ સંતોનો ભાતીગળ મહીમા ગાતા સતી લોયણે લખ્યું છે :

જી રે લાખા !
ખુંદી તો ખમે માતા પૃથવીને
વાઢી તો ખમે વનરાઇ રે..
કઠણ વચન મારાં સાધુડા ખમે
નીર તો સાયરમાં રે સમાય..

લાખા ! સતી લોયણ તમને એમ ભણેરેજી.

સમર્થ લોકસાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીના જીવનના છેલ્લા દિવસો સંતવાણી ઉપરના તેમના સંગ્રહીત લખાણો પર કામ કરતા કરતા ગયા. મહેન્દ્રભાઈ મેઘાણીએ લખ્યું છે કે ભજનો માટેનો મેઘાણીભાઈનો અંતરનો અનુરાગ હતો. આ બાબત વર્ષોથી તેમના દિલમાં ઘૂંટાતી હતી. જીવનના છેલ્લા વર્ષોમાં મેઘાણી ભજનવાણીમાં એકાકાર થઈ ગયા. તેઓ થોડા વર્ષો વધારે જીવ્યા હોત તો કદાચ ભજનવાણીના બીજા સંગ્રહો સમાજના ચરણે તેઓ ધરી શક્યા હોત, પરંતુ તેમ થઈ શક્યું નહિ. આ વિષયનું એક પુસ્તક તૈયાર કરીને આ પુસ્તક પ્રસિધ્ધ થાય તે પહેલા તેઓ સંતોની જમાત સમક્ષ રૂબરૂ થવા આ લોકને અલવિદા કહીને ગયા. પિતાની પહેલી માસિક પુણ્યતિથિએ (૯ એપ્રિલ-૧૯૪૭) આ પ્રથમ પુસ્તકનું પ્રકાશન કરીને મહેન્દ્ર મેઘાણીએ પિતાનું સુયોગ્ય તર્પણ કર્યું.

મેઘાણીભાઈએ જેમને ભજનિક સંતો તરીકે ઓળખાવ્યા છે તેઓનું જીવન વાણીની અસર હેઠળ વ્યતિત થયું છે. આ વાણીમાંથીજ કેટલીક અદ્‌ભૂત રચનાઓ સમાજને મળી છે. શાસ્ત્રોક્ત જ્ઞાનને સરળ ભાષામાં ઉતારવાનું કાર્ય આ ભજનિક સંતો થકીજ થયેલું છે. શ્લોક તથા લોક વચ્ચેનું અનુસંધાન આ સંતવાણીના સર્જકો સિવાય કદાચ થઈ શક્યું ન હોત. ભજનિક સંતો કોઈ પંથના આગ્રહી નથી. સંતોએ ઈશ્વરની કે કોઈ અગમ તત્વની શરણાગતિ સ્વીકારીને શ્રધ્ધાના અજવાળે ભજનવાણીનું સર્જન કરેલું છે. તેમાંના કેટલાંયે સંતો ગૃહસ્થી હોવા છતાં જીવન વ્યવહારથી પરમ તત્વનું સામિપ્ય અનુભવનારા હતા. ગંગાસતીના અર્થસભર શબ્દોમાં વિચારોના ઉજવળ અને રંગસભર મોઘધનુષ્યનું દર્શન થાય છે.

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

મેરુ રે ડગે જેના મન નો ડગે
મરને ભાંગી રે પડે ભરમાંડ રે..
વિપદ પડે પણ વણસે નહિ
ઈ તો હરિજનના પરમાણ રે..
ભાઈ રે હરખ ને શોકની નાવે જેને
હેડકી રે, શીષ તો કર્યા કુરબાન રે..
સતગુરુ વચનમાં શૂરા થઈ ચાલે
જેણે મેલ્યા અંતરના માન રે..

ભજનિક સંતોના આ વિશાળ સમુદાયમાં વાડીના સાધુઓનો એક અનોખો દબદબો તથા પ્રભાવ છે. દાસી જીવણ જેવા ભક્ત કવિની બળુકી તથા તેજ પ્રવાહ જેવી વાણી મીરાંબાઈના અમર પદોની સ્મૃતિ કરાવે તેવા છે. સંતોની વાણીમાં સહેજે કહેવાયેલા કેટલાક શાશ્વત સત્યો છે. આથીજ આ વાણી કાળના કપરા પ્રવાહમાં પણ ઝાંખી-પાંખી થઈ નથી. સૂફિ ભજનો કે બંગાળના બાઉલ ગીતો પણ આ વાણીનીજ ભિન્ન ભિન્ન ધારાઓ છે. કીર્તનો થકી પણ સંતોનીજ આ વાણી નિરંતર ગવાતી તેમજ ઝીલાતી રહે છે. યશવંત ભટ્ટ, મુગટલાલ જોશી કે હેમુ ગઢવીના કંઠેથી ભાવસભર તથા ઘેરા કંઠેથી નીતરતા ભજનો સાંભળીને તેના મરમને માણનારો એક ઠીક ઠીક મોટો સમૂહ આજે પણ છે.

ગાંધી કરતા સરદારની અનાસક્તિ કસોટી વધુ થઈ

ગાંધીજી અને સરદાર સાથી હતા. અનેક મુદ્દે આ બંને સાથી સાથે ન હતા. તેમ છતાં તેઓ કયારેક છૂટા પડ્યા ન હતા. પણ મોટાભાગના મુદ્દાઓમાં તેમના વચ્ચે એકમતી હતી. ગાંધીજીને જેમ સત્તા વિષે અનાશક્તિ હતી તેવી જ અનાશક્તિ સરદારને પણ સત્તા સાથે હતી. સ્વરાજ મળ્યું ત્યારે સરદારે સત્તાસ્થાન સ્વીકાર્યુ હતું. નારાયણ દેસાઈ સરદારને સત્તાની અનાસક્તિ હોવાનો જવાબદારીપૂર્વક ઉલ્લેખ કરતા કહે છે કે જો સરદારને અનાસક્તિ ન હોય તો કોંગ્રેસ સંગઠનમાં પૂરું વર્ચસ્વ ધરાવતા હતા ત્યારે તેમને નાયબ વડાપ્રધાન પદ થવાનું સ્વીકાર્યું જ ના હોત. આ પદ છોડવાની ઈચ્છા એક કરતાં વધુ વાર વ્યક્ત કરી ચૂક્યા હતા. પણ પદ છોડવાની વાત તેઓ કોઈને ધમકી આપવા કે પોતાની સત્તા દૃઢ કરવા અથવા વડાપ્રધાનની ગભરાઈને કરી હોય તેવું ન હતું.

સમાજ વિજ્ઞાનમાં એક સિદ્ધાંત છે, જેને લાયન્સ એન્ડ ફોકસીસ થિયરી તરીકે ઓળખવામાં આવે છે. આ થિયરી તરીકે ઓળખવામાં આવે આવે છે. આ થિયરી હજુ જ સ્પષ્ટ છે. જે માણસ સત્તામાં ના હોય ત્યાં સુધી સિંહની જેમ કોઈ પણ સમસ્યા કે પ્રશ્ન સામે લોક અવાજ ઉઠાવે. સમાજના પ્રશ્નો અંગે સરકાર કે સત્તા સામે ભરપૂર વિરોધ વ્યક્ત કરે, પ્રજાનો અવાજ સિંહ જેમ ત્રાડ પાડીને પોતાની ધાક પ્રસ્થાપિત કરે એમ જયાં સુધી નેતા સત્તાના આસન સુધી ના પહોચે ત્યાં સુધી સિંહની જેમ વર્તે છે. પરંતુ જયારે એ સત્તા ઉપર બેસે ત્યારે તે શાસનની ખુરશીમાં ટકી રહેવા માટે સિંહ મટીને શિયાળ બની જાય. પોતાનું અસ્તિત્વ ટકાવવા માટે લુચ્ચાઈ કે ખંધાઈમાં જાણીતું શિયાળ વર્તન સત્તામાં બેઠેલો લોકનેતા પણ કરવા માંડે. આવી થિયરી. સત્તાના સમીકરણોમાં સમાજ વિજ્ઞાને આપી છે. પરંતુ જયારે સરદારને એક નેતા તરીકે જોઈએ ત્યારે આ થિયરી ખોટી પડે છે. સરદાર આજીવન સરદાર રહ્યા. અંગ્રેજો સામે લડતા લોખંડી પુરુષ સત્તા સ્થાને બેઠા પછી પણ કયારેય બદલાયા નહીં. સત્તામાં રહ્યા પછી પણ સત્તાનમો મોહ કે સત્તા બચાવવાનો કે જે સત્તા મળી છે. તેમાં આગળ વધવાનો વિચાર સુદ્ધાં તેમને આવ્યો ન હતો. સરદારે સત્તામાં બેસીને પણ સરદાર જ રહ્યા. ગમે તે ક્ષણે જેમ સાપ કાંચળી ઉતારી દે તેમ સત્તારૂપી કાંચળી ઉતારી કોરે મૂકતા તેઓ તૈયાર હતા.

સત્તાના સરોવરમાં જળકમળવત્ સરદાર

ગાંધીજીના અવસાનના થોડા દિવસો પહેલાનો એક પ્રસંગ જોવા જેવો છે. ગાંધીજીએ એક પત્રમાં સરદાર વિષે લોકો દ્વારા થતા આક્ષેપોની એક યાદી તૈયાર કરીને મોકલાવી હતી. નારાયણભાઈ આ યાદી સંદર્ભે એમ કહે છે કે, 'જાણે કે ગાંધીજી લોકર્ચા કરીને છૂટી જવાને હળવા થવા ન માંગતા હોય !' ગાંધીજીના મનમાં જે કાંઈ હોય પરંતુ આ પત્રમાં જે આક્ષેપોનો ઉલ્લેખ હતો તેનો તો સરદારે જવાબ આપવાનો પ્રયત્ન કર્યો છે. જવાબમાં તેમણે પોતાના એક કથન અંગે ગેરસમજૂતી થવાનો સંભવ છે એમ સંશય સ્વીકાર પણ કર્યો છે. પરંતુ સરદારને દુઃખ એ બાબતનું થયું કે પોતે સત્તાને વળગી રહેવા ઈચ્છે છે એવા આક્ષેપોને (વાહિયાત) ગાંધીજી કાને દેવા તૈયાર થયા એ વાતથી સરદારને ઊંડો આઘાત લાગ્યો હતો.

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

'મને કેમ વીસરે રે ?' પુસ્તકમાં નારાયણ દેસાઈ નોંધે છે કે અલબત્ત ગાંધીજીએ તો આ વાત મનમાંથી કાઢી નાંખી હતી. અને છેવટ સુધી તેઓ સરદારને જવાહરલાલજી સાથે રહી દેશનું સુકાન સંભાળતા જ સમજાવતા હતા. પણ વજ્રથીયે કઠોર કાળજા સાથે કુસુમથીયે કોમળ હૈયુ ધરાવતાં સરદારને લાગી આવ્યું હતું. ગાંધીજીએ કોઈ દ્વારા થતો આવો આક્ષેપ કાને ધરવા જેવો પણ કેમ લાગ્યો? એ પ્રશ્ન સરદારને મન દુઃખદ હતો.

આથી જ નારાયણ દેસાઈ લખે છે. 'સત્તા વિષેની અનાસક્તિની કસોટી એક રીતે જોતાં ગાંધીજી કરતાંયે સરદારની વધુ થઈ હતી એમ કહી શકાય.' કારણ ગાંધીજીએ પોતે સત્તા કદી ગ્રહણ જ નહોતી કરી. જયારે સરદાર તો સત્તા ગ્રહણ કરીને તેમાં જળકમળવત્ રહ્યા હતા.

સરદાર ગાંધીના સંબંધો અંગે વધુ વિગતો આવતા અંકે.

સંદર્ભ : 'મને કેમ વીસરે રે?' લેખક - નારાયણ દેસાઈ, નવજીવન પ્રકાશન, અમદાવાદ